॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા (ભુજ-કચ્છ) આયોજિત

## પાટોત્સવ નિમિત્તે

# સત્સંગિભૂષણ પારાયણ



**પ્રારંભ**

વૈશાખ સુદ-૧૨, તા. ૧૩-૫-૨૦૨૨

શુક્રવાર, સવારે ૮-૦૦

**પૂર્ણાહુતિ**

વૈશાખ વદ-૧, તા. ૧૭-૫-૨૦૨૨

મંગળવાર, સવારે ૧૧-૦૦

## નિમંત્રણ પત્રિકા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ મહામુક્તરાજ
પ. પૂ. શ્રી અબજીબાપા, સદ્ગુરુઓ તથા સમર્થ મુક્તોના પરમ કૃપાપાત્ર અનાદિમુક્તશ્રી...

શ્રીહરિની દિવ્ય સ્મૃતિ સહ વિદિત થાય કે શ્રીજીમહારાજે કચ્છ દેશના બળદિયા ગામની
કાળી તલાવડીને કાંઠે દેવબાને દિવ્ય સ્વરૂપે દર્શન આપી જે સ્થાને બાપાશ્રીના
પ્રાગટ્યનો વર આપ્યો હતો એવી પાવનકારી દિવ્યભૂમિમાં અનાદિ મહામુક્તરાજ
શ્રી અબજીબાપાની દિવ્ય સ્મૃતિમાં મંદિરનું નિર્માણ કરી દિવ્ય સ્વરૂપ મૂર્તિઓની
પ્રાણપ્રતિષ્ઠા સંવત ૨૦૨૦ વૈશાખ સુદ-૧૫ના થયેલ છે. તે નિજ મંદિરનો પાટોત્સવ દર
વર્ષે વૈશાખ સુદ-૧૫ના રોજ ઉજવાય છે. તેમજ 'શ્રીમુખવાણી વચનામૃત રહસ્યાર્થ' તથા
'શ્રી અબજીબાપાની વાતો'ની જયંતી ઉજવાય છે.

તે પર્વે તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા મુકામે સંવત ૨૦૭૮ વૈશાખ
સુદ-૧૨, તા. ૧૩-૫-૨૦૨૨ શુક્રવારથી વૈશાખ વદ-૧, તા. ૧૭-૫-૨૦૨૨ મંગળવાર સુધી
'**સત્સંગિભૂષણ પારાયણ**'નું આયોજન કરવામાં આવ્યું છે.
સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પાવનકારી વિચરણથી મહાપ્રસાદીરૂપ તીર્થધામ
શ્રી અબજીબાપાની છતેડીમાં બાપાશ્રીએ અનેક કલ્યાણકારી યજ્ઞો કર્યા છે તેમજ
શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી આ સ્થાનનાં દર્શન કરનારને
આત્યંતિક કલ્યાણનો કોલ આપ્યો છે.

અ. મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, અ. મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી,
અ. મુ. સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, અ. મુ. સદ્. મુનિસ્વામી
શ્રી કેશવપ્રિયદાસજી તથા અ. મુ. શ્રી સોમચંદબાપાએ બાપાશ્રીનો પ્રત્યક્ષ જોગ કરી તેમના
દિવ્યજીવન અને દિવ્યવાણીને આ ભૂમિમાં રહી ગ્રંથસ્થ કરી, કારણ સત્સંગના સિદ્ધાંતો
ઉજાગર કરી, સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કર્યો છે.

આવી ભૂમિમાં મંદિર નિર્માણ માટે બાપાશ્રીના પુત્રો અ. મુ. શ્રી કાનજીબાપા તથા
અ. મુ. શ્રી મનજીબાપાએ આ ભૂમિ શ્રીહરિઅર્પણ કરી. તેમજ અ. મુ. શ્રી જાદવજીબાપા


સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી


સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી


સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી


સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

અને અ. મુ. શ્રી નારાયણમામાએ '**શ્રી અબજીબાપા સંસ્કારધામ**' તેમજ
'**શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર**'નું નિર્માણ કરી અનેક
મોક્ષભાગી આત્માઓને મુક્તિ અને ભુક્તિ આપી આપણ સૌને ઋણી કર્યા છે.

આ બ્રહ્મયજ્ઞ પ્રસંગે અમદાવાદ, વડતાલ, મૂળી, ગઢડા, જુનાગઢ તથા કચ્છ
દેશના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોના દર્શન-સમાગમ-વક્તવ્યનો લાભ
મળશે. આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા તથા ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા
આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

## લિ. દર્શનાભિલાષી

સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી આદિ સંતમંડળ, ટ્રસ્ટીમંડળ
તથા છતેડી સંસ્થાના હેતવાળા હરિભક્તોના જય સ્વામિનારાયણ

## પારાયણના વક્તાશ્રી

સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી (ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી)

## મુખ્ય યજમાન

મૂ.નિ. મોતીભાઈ દુદાભાઈ ડુંગરાણી • મૂ.નિ. કાનજીભાઈ મોતીભાઈ ડુંગરાણી
ગં. સ્વ. લક્ષ્મીબેન કાનજીભાઈ ડુંગરાણી સહપરિવાર (ઉગામેડી)
પુત્ર પરષોત્તમભાઈ, ધ.પ. મૂ.નિ. મંજુબેન : વિશાલ, અક્ષર
પુત્ર ગગજીભાઈ, ધ.પ. મધુબેન : કિશન
પુત્ર બાબુભાઈ, ધ.પ. ભાવનાબેન : રવિ, અનુવૃત્તિ જમાઈ પ્રિયલ શંકર

## સહયજમાન

મૂ.નિ. પ્રહલાદભાઈ રણછોડભાઈ પટેલ • ગં.સ્વ. શાંતાબેન પ્રહલાદભાઈ પટેલ સહપરિવાર
પુત્ર ચિરાગભાઈ, ધ.પ. નિમિષાબેન : નિસર્ગ, શુભ • પુત્ર ધવલભાઈ, ધ.પ. રીન્કુબેન : ધ્રુવી, ધર્મ
પુત્રી હેતલબેન, જમાઈ નિમેષભાઈ : જીલ, સ્મિત (અમદાવાદ)

મૂ.નિ. નારણભાઈ જાદવાભાઈ વેકરીયા • મૂ.નિ. અમરબાઈ નારણભાઈ વેકરીયા
પુત્રી મૂ.નિ. વાલબાઈ કાનજીભાઈ કેરાઈ • પુત્ર કલ્યાણભાઈ, ધ.પ. રમાબેન : સચ્ચિત સહપરિવાર
પૌત્રી કનિષાબેન, જમાઈ પ્રકાશભાઈ લાખાણી : વેદ (બળદિયા)

મૂ.નિ. ગોવિંદભાઈ રામજીભાઈ વેકરીયા બાપાવાળા
ગં.સ્વ. હીરબાઈ ગોવિંદભાઈ વેકરીયા સહપરિવાર (બળદિયા)

# કાર્યક્રમ

## પ્રારંભ

વૈશાખ સુદ-૧૨, તા. ૧૩-૫-૨૦૨૨, શુક્રવાર સવારે ૮-૦૦

## સમૂહ પારાયણ

તા. ૧૫-૫-૨૦૨૨ સવારે ૬-૩૦

## ઠાકરથાળી

તા. ૧૫-૫-૨૦૨૨ રાત્રે ૮-૩૦

**પાટોત્સવ-અભિષેક, ચરણારવિંદ-વચનામૃત રહસ્યાર્થ-
શ્રી અબજીબાપાની વાતોનું પૂજન, અન્નકૂટ**

વૈશાખ સુદ-૧૫, તા. ૧૬-૫-૨૦૨૨ સોમવાર સવારે ૬-૩૦ થી ૮-૦૦

## કથાનો સમય

સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ બપોરે ૪-૦૦ થી ૬-૩૦

## પૂર્ણાહુતિ

વૈશાખ વદ-૧, તા. ૧૭-૫-૨૦૨૨ મંગળવાર સવારે ૧૧-૦૦

## વિશેષ નોંધ

**જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર**

તીર્થધામ છતેડી મુકામે વૈશાખ સુદ-૯, તા. ૧૦-૫-૨૦૨૨ મંગળવારથી
વૈશાખ સુદ-૧૧, તા. ૧૨-૫-૨૦૨૨, ગુરુવાર સુધી
ત્રણ દિવસ 'જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર'નું આયોજન
કરવામાં આવ્યું છે. સર્વે હેતવાળા મુક્તોને જાણ કરવા વિનંતી.

આયોજક એવં નિમંત્રક

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ -370427

02832 282253, 282553 90990 49284 Telegram: www.t.me/chhatedi

Website: www.abjibapanichhatedi.org